UNITED INTERNATIONAL
GUJARATI CHRISTIAN SOCIETY
NEW YORK & NEW JERSEY
FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN
(A NOT -FOR-PROFIT ORGANIZATION, Estd. 1988)

AMERICAN CHRISTIAN NEWS
અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ
EDITORS: Rev. Dr. Snehlata & Rev. Anil Patel
Phone # (718)435-4786 ╬ Email:snehlata@msn.com
Issue-148, Year: 40, November-December 2019

## તંત્રીસ્થાનેથી: જાગૃત થા!

આ સમય આપણે માટે જાગૃત થવાનો છે. થોડા જ સમયમાં ખ્રિસ્તી આલમ નાતાલની ઉજવણીની તૈયારીમાં પડી જશે. સમય પાણીના વહેણની માફક વહી જાય છે. આંખના પલકારામાં ૨૦૧૯ની સાલના અંત ભાગમાં આપણે આવી પહોંચ્યા છીએ. માનવ જીવનમાં ઉજવણીનું સ્થાન મહત્વપૂર્ણ છે. જો ઉજવણીનું હાર્દ સમજવવામાં આવે તો વ્યક્તિની વર્તણૂક, રહેણીકરણી વગેરે બદલાઈ જાય છે. તે નવા જીવનની શરૂઆત કરે છે,

**Thanksgiving :** નવેમ્બર માસમાં અમેરિકા દેશ "Thanksgiving Day" ઉત્સાહભેર ઉજવે છે, માત્ર ઔપચારિક ઉજવણીથી ઉજવણીનો હેતુ સરતો નથી, Thanksgiving Day "આભાર માનવાનો દિવસ" છે. ઈશ્વરની વરસ દરમ્યાન વિવિધ પ્રકારની સહાય, તંદુરસ્તી, કૌટુંબિક, સામાજિક અને આશીર્વાદિત પ્રંસગોને માટે ઈશ્વરનો આભાર માનતાં ઈશ્વર સાથેના સબંધો ગાઢ બનાવવાનો સમય છે. ટૂંકમાં સર્વ સારા વાનાંઓના દેનાર ઈશ્વરનો આભાર અંતઃકરણથી માનવાનું ચુકીએ નહીં. સાથે સાથે કુટુંબીજનો, સ્નેહીજનો, સ્વજનોની એકબીજા પ્રત્યેની સહાયને માટે તેઓનો પણ આભાર માનીએ. સમાજ અને મંડળીમાં જે ભાઈબહેનો આપણને એક યા બીજી રીતે મદદરૂપ બન્યા હોય, તેઓને યાદ કરીએ. ટૂંકમાં "થેંન્ક્સ ગિવિંગ ડે"ની આભાર માનતા સાચા અર્થમાં ઉજવણી કરીએ, તેમ કરવાથી આપણે પોતાને માટે તથા બીજાંઓને માટે આશીર્વાદિત પાત્રો બની શકીશું.

**Advent session**: નાતાલ પહેલાના ચાર રવિવારનો સમયગાળો એડવન્ટ તરીકે ઓળખાય છે. આ સમય દરમ્યાન ઈશ્વર માનવદેહ ધારણ કરી આ પૃથ્વી પર આવ્યા તે ઐતિહાસિક ઘટનામાં બનેલા બધા બનાવો યાદ કરી એ જ પ્રભુ ઈસુ ફરીથી આવનાર છે તેથી માનવજાત માટે પ્રભુને મળવાની તૈયારી કરવાનો સમય છે. પવિત્ર શાસ્ત્રમાં ભાખેલી ભવિષ્યવાણીઓ જે પુરી થઇ તે આપણને યાદ દેવડાવે છે કે બાકી રહેલી ભવિષ્યવાણીઓ પણ પુરી થવાની જ છે તેથી આપણે બેદરકાર ન રહીએ. પહેલા આગમનમાં પ્રભુ ઈસુએ પૃથ્વી પર આવી માનવજાતને જીવન જીવવાનો યોગ્ય રાહ બતાવ્યો, આદમ અને હવાની આજ્ઞાભંગને કારણે મનુષ્ય અને ઈશ્વર સાથેના તુટેલા સબંધોના કારણે દુઃખ સહન કરી વધસ્થંભનું કારમું મોત સહન કરી, અને મુક્તિમૂલ્ય ચૂકવી શેતાનની ચુંગાલમાંથી છોડાવી પિતાની સાથે પુનઃસંગત કરાવી. પુનરુત્થાન દ્વારા મરણ પર વિજય મેળવ્યો. વળી જે જે વ્યકિતઓએ-- મરિયમ, યૂસફ, ભરવાડો, માગીઓ ,શિમયોન,આન્ના વગેરે- ઈશ્વરની યોજનામાં પોતાનો સહકાર આપ્યો તેઓ આ ઐતિહાસિક બનાવના સાક્ષી બન્યા. તે જ પ્રમાણે, જેઓ બીજા આગમન વખતે તૈયાર હશે, તેઓને પણ ઇશ્વરની સંગત મળશે. આ બધી બાબતો આપણને જાગૃત થઈ પ્રભુને મળવા માટે તૈયારી કરવાનું સૂચન કરે છે.

**નાતાલ:** આ દિવસ પ્રભુના પ્રથમ આગમનનો દિવસ છે કે જ્યારે ઇશ્વર માનવદેહ ધારણ કરી બાળસ્વરૂપે આ જગતમાં આવ્યા. પહેલા આગમન વખતે જેમ કેટલાકને ભાગ લેવાનો અમૂલ્ય લહાવો મળ્યો તે જ પ્રમાણે આપણે પણ જો પ્રભુને આપણા જીવનમાં આવવા આમંત્રણ આપીએ તો આપણને પણ એવો લ્હાવો મળી શકે.. અને તે સાચા અર્થમાં નાતાલની ઉજવણી છે. વ્હાલાઓ જ્યાં સુધી પ્રભુ ઈસુ આપણા જીવનમાં કેન્દ્ર સ્થાને નથી ત્યાં સુધી આપણે અંધકારમાં છીએ તેથી ચાલો આપણે જાગૃત થઈને પ્રભુને વિનતી કરીએ.

અમારા સ્વામી પ્રભુ ઈસુ।

તમારો પવિત્ર આત્મા આભારસ્તુતિ અને નાતાલની સાચા અર્થમાં ઉજવણી કરવા દોરવણી આપો.

આ ધમાલિયા દિવસોમાં પ્રત્યેક દિને તમારો અવાજ સાંભળવા કૃપા આપો.

તમારા આગમનમાં સહભાગી થવા કૃપા આપો અને અમને તૈયાર કરો.

અમે ઘણી બધી રીતે આશીર્વાદિત છીએ તેથી બીજાઓને માટે આશીર્વાદરૂપ થવામાં અમારો ઉપયોગ કરો.

અમારા જીવનોમાં આવો અને રાજ કરો.

અંતમાં વાચક મિત્રો, પિતરના શબ્દોમાં "પ્રભુના આગમનનો દિવસ તો ચોરની જેમ આવશે....આપણે તો ઈશ્વરે આપેલા વચન પ્રમાણે નવું આકાશ અને જેમાં ન્યાયીપણાનો વાસ છે તે નવી પૃથ્વીની રાહ જોઈએ છીએ। તેથી પ્રિયજનો! એ દિવસની રાહ જોતાં ઈશ્વરની દ્રષ્ટિમાં શુદ્ધ અને કલંકરહિત થવાને તમારાથી બનતું બધું કરો....

૨ પિતર ૩:૧૦-૧૪

સ્નેહલતા પટેલ , બ્રુકલીન, ન્યુયોર્ક

## માગીઓની ભેટ

એક ગરીબ દંપતિની વાત છે. વર્ષો પહેલાં "Our Daily Bread" માં આ વાર્તા આવી હતી, પૈસા કરતાં વધુ પ્રેમ આ દંપતિ પાસે હતો. નાતાલના દિવસો જેમ જેમ નજદીક આવતા ગયા, તેમ તેમ બન્નેના મનમાં એકબીજાને કેવા પ્રકારની ભેટ આપી શકાય એ વિષે મનોમંથન જાગ્યું. છેવટે નાતાલસંધ્યા સમયે ડૉના એ પોતાની શોભા વધારતા બે ફૂટ લાંબા ભરાવદાર વાળ કપાવી સારાં નાણાં પ્રાપ્ત કર્યા. જીમે પણ ડૉના ન જાણે એમ પોતાને બાપદાદા તરફથી વારસામાં મળેલી કિંમતી પૉકેટ વોચ વેચી દીધી. આ વેચાણમાંથી તેણે ડૉના માટે કિંમતી કાંસકા તથા પીનનો સેટ ખરીદ્યો. ડૉનાએ સુંદર વાળ વેચી જીમને માટે જે ઘડિયાળ પટ્ટાની કમીને લીધે પડી રહેતી હતી, તેને માટે મોંઘી ચેઇન ખરીદી. નાતાલની આગલી સાંજે બન્નેએ એકમેકને પ્રેમની ભેટની આપલે કરી. તેઓના આશ્ચર્ય વચ્ચે જીમે ખરીદેલો મોંઘો કાંસકી -પીનનો સેટ હવે ડૉનાના નાના વાળ માટે ઝાઝો ઉપયોગી નહોતો. જયારે ડૉનાની ભેટ -ઘડિયાળની મોંઘી ચેઈન-માટે જીમ પાસે ઘડિયાળ નહોતી. વાર્તાનો લેખક ઓ. હેનરી આ વાર્તાને "માગીઓની ભેટ" શિર્ષક આપે છે. આ તો અવર્ણનિય પ્રેમની નિશાનીઓ હતી. સઘળું ખર્ચી નાખી રંક થવું એ જ તો દેવપુત્રનો આશય હતો. સ્વર્ગનું સુખ મૂકી જાતે દરિદ્રી થનાર પ્રભુ પુત્રને આપણે કઈ રીતે વધાવીશું?

જોઈસી જોવેટ ક્રિશ્ચિયન, યુનિયન સીટી, ન્યુજર્સી (૨૦૧-૮૬૪-૪૮૧૬)

## નોંધપાત્ર બાબતો :-

ACNના ખર્ચને પહોંચી વળવામાં મદદરૂપ થવા જો તમારે સ્વેચ્છાપૂર્વક દાન અથવા પોસ્ટલ સ્ટેમ્પ્સ આપવા હોય અથવા ACNની કોપી જોઈતી હોય તો રોબીનભાઈનો સંપર્ક સાધશો. <u>સરનામુ:</u> 17 Dart Mouth Ave, Avenel, N.J 07001-1804; Phone # 917-554-4560. robin.christian@marriott.com

ન્યુઝપેપરમાં લખાતાં લખાણો માટે તંત્રીઓ જવાબદાર નથી.

<u>મૃત્યુ નોંધ:</u> ઘણાં વહાલાંઓએ અનંતકાળિક જીવનમાં પ્રવેશ કરેલો છે. તેઓ સર્વના કુટુંબીજનોને ઈશ્વરપિતા તેમના દૈવી દિલાસાથી ભરપૂર કરે. તમારી પ્રાર્થનાઓમાં તેઓને ધરી રાખશો .

<u>સહકાર:</u> ACNના પ્રકાશનનો મુખ્ય હેતું અમેરિકા દેશના ગુજરાતી ખ્રિસ્તી ભાઈબહેનોને એકબીજાના સંપર્કમાં રાખવા, પારસ્પારિક સુખદ્:ખમાં ભાગીદાર બનાવવા, એકબીજાને પ્રેરણારૂપ થવું, ઈશ્વરના આપેલાં તાલંતોનો ઉપયોગ કરી, ગુજરાતી સમાજને મદદરૂપ અને દોરવણીરૂપ બનવું. તેથી ખાસ પ્રકારની અનોખી કાર્યપ્રવૃતિ વગેરે જાતની માહિતી પૂરી પાડવાની ગુજરાતી મિત્રો પાસે અપેક્ષા રાખવામાં આવે છે.

આ સમાચારપત્રના ખર્ચને પહોંચી વળવા કોઈપણ જાતનું ભંડોળ નથી. જેથી પાનાં વધારવા શક્ય નથી. તેથી આ સમાચારપત્રનો પૂરેપુરો લાભ મેળવવા વાંચકમિત્રોને વિનંતી કે, પ્રેરણા અને ઉત્તેજન આપનાર સમાચાર, સમાજોપયોગી માહિતી **વધુમાં વધુ એક પાનું મોટા સ્વચ્છ અક્ષરમાં** મોકલશો એવી ACNના પ્રકાશનના હિતમાં અમારી નમ્ર વિનંતી છે. ACN ને દળદાર તથા માહિતીસભર બનાવવાનો આધાર લેખક મિત્રો પર અવલંબે છે. તેથી લેખકમિત્રોને મારી નમ્ર વિનંતી કે લેખો મુદ્દાસર હોવા જોઇએ અને એકના એક વાક્યનું વારંવાર પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવા પ્રયત્ન કરશો મોડામાં મોડું ડિસેમ્બર ૧૦ સુધીમાં Revs. Patel, 758-47th Street, Brooklyn, NY 11220 એ સરનામા પર મોકલી આપશો તો આભાર. સહકાર બદલ આભાર

**આભાર:** રોબીનભાઇ ક્રિશ્રિયનને નીચેના દાતાઓ તરફથી દાન મળ્યાં છે. જેનો આભારસહિત સ્વીકાર કરવામાં આવે છે. સરોજબહેન ભગત તરફથી ૨૫ ડોલર અને કમલભાઈ રાઠોડ તરફથી ૨૦ ડોલર મળ્યા છે. દાતાઓનો આભાર માનતાં દાનોનો સ્વિકાર કરવામાં આવે છે હનોખભાઇ પટેલિયાની ટાઇપિંગની સેવાઓનેમાટે ખૂબ આભાર.

***વિચારવાજેવું: "ખોટા પાસવર્ડથી એક નાનો અમથો મોબાઇલ પણ નથી ખુલતો, તો ખોટા કામોથી સ્વર્ગનો દરવાજો કેવી રીતે ખુલશે"?***

## અજવાળાનો મહિમા

પ્રભુની બનાવેલી મહાન જ્યોતિઓ જે જીવનને ધબકતી રાખે છે. જે પૂર્વમાં સૂર્યોદયની સાથે જ જીવનમાં તેજ પ્રકાશનો પ્રાણ પુરે છે. પ્રકૃતિમાં જડ -ચેતનમાં પ્રકાશથી જીવન ધબકતું થઇ જાય છે. બાઈબલમાં સૂર્યને પ્રકાશનો બાપ કહે છે. દેવ પોતે પ્રકાશનું મૂળ છે. ગીત ૮૪:૧૧ "યહોવાહ સૂર્ય તથા ઢાલ છે". સંધ્યા સમયે જયારે સૂર્ય પશ્ચિમમાં ઢળે છે ત્યારે પ્રકાશથી આંખોં અંજાઈ જાય છે. કશું જ જોઈ શકાતું નથી, વાહનો ધીમા થઇ જાય છે પણ એ અંધકારમાં પ્રભુએ સૂર્યાસ્ત પછી ચંદ્ર અને તારાનું તેજ જગત પર શીતળતા અને ચાંદની ફેલાવવા મોકલી આપ્યા. ચંદ્ર અને તારા સૂર્યપ્રકાશિત છે. સૂર્ય પ્રકાશમાં ચાલે છે તેનું સર્જન ઋતુઓને સારું થયેલું છે. ગીત ૧૦૪:૧૯. દિવસે સૂર્ય પ્રકાશ આપે છે. રાત્રે પ્રકાશ સારું ચંદ્ર તારાઓની ગતિના નિયમો ઠરાવે છે. સૂર્ય, ચંદ્ર તારાઓ આપણને પ્રભુના અજવાળાના મહિમામાં દોરે છે. પ્રભુ રાત દિન આપણી પર નજર રાખે છે. દેવ અજવાળું છે. તેમણે આપણને અજવાળામાં ચાલવાનું ફરમાવ્યું. જ્યોતિઓ થવાનું કહ્યું અને તારાઓની માફક પ્રકાશવાનું કહ્યું।

વ્હાલાઓ આજે ઊંઘમાંથી ઉઠવાની વેળા આવી ગઈ છે, પ્રભુ આપણી સર્વ ગરજો માગ્યા અગાઉ પુરી પાડે છે. ધન - વૈભવ, સફળતા અને ભરપુરીપણું આપ્યું છે તે દ્વારા પ્રભુનો મહિમા કરીએ। અંધકારના કામો તજી દઈને અજવાળાના હથિયારો સજી લઈએ(રૂમી ૧૩:૧૨). જેથી આપણાં જીવનોદ્વારા પ્રભુના વચનો પ્રગટ કરીએ, જ્યોતિઓ જેવા દેખાઈએ (ફિલિપી ૨:૧૫). દાનિયેલ કહે છે કે, અંતરિક્ષના પ્રકાશમાં સર્વકાળ સુધી તારાઓની માફક પ્રકાશિત થઈશું। શું આજે પ્રભુનો પ્રકાશ આપણી પાસે પહોંચ્યો છે? શું આપણે તેનામાં પ્રકાશીશું ?

ઈલા જોબર્ટ ક્રિશ્ચિયન યુનિયનસીટી (૨૦૧-૩૩૦-૦૩૧૪)

## શાસ્ત્રભ્યાસ: નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૯

**ભાગ ૧.** નામમાં તે વળી શું દાટ્યું છે? ઉત્પતિના પુસ્તકમાં વિવિધ નામો મૂળ નામ બદલાવીને કૂવા, બૂરજ , છાવણી કે ઢગલા વગેરે વગેરે માટે અપાયા છે. તે નવા નામો અર્થ સહિત જણાવો :

૧. માહનાઇમ ૨. યગાર - સાહદૂથ ૩. મિસ્પા ૪. નૂહ ૫. બાબેલ(બાબીલોન ) ૬. સિટના ૭. બેરશેબા

૮. યુસુફનું મીસરી (ઇજીપ્શિયન) નામ ૯. ઈઝરાઈલ ૧૦. એફ્રાથ

**ભાગ ૨** જવાબો લુકમાંથી શોધો. જોડકાં બનાવો. અ' ના નંબર યોગ્ય રીતે 'બ" ના નંબર સાથે જોડો

| અ | બ |
|---|---|
| ૧. ઝખાર્યા | ૧. સીરિયા પ્રાંતનો હાકેમ |
| ૨. આન્ના | ૨. બે માછલી |
| ૩. હેરોદ | ૩. જાખી |
| ૪. કુરેનિયસ | ૪. પ્રબોધિકા |

૫. સમરૂની　　　　　　　૫. ગાલીલનો રાજા

૬. પાંચ રોટલી　　　　　　૬. એલિસાબેત

૭. ઠીંગણો હતો　　　　　　૭. જેણે તેના પર દયા કરી તે

મોકલનાર: જોઈસી જોવેટ ક્રિયન. 201-864 4816

## સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૧૯ પ્રશ્નોના જવાબ

**ભાગ ૧**

૧. આઠમા દિવસે (લેવી ૧૨:3 )　　૨. લેવિય ૨૫:૨૫　　3. લેવીઓને (ગણના 3:૧૨; ૪૧,૪૫)

૪. દરેક કોઢિયાને, સ્રાવતા મરજવાળાને તથા મુડદાંથી અભડાયેલાને (ગણના ૫:૨): ૫. હોબાબ (ગણના ૧૦:૨૯)

૬. વાસનાને લીધે દટાયા તે જગ્યા (ગણના ૧૧:૩૪ )

૭. મુસા વિરુદ્ધ કચ કચ માટે કોઢની શિક્ષા -સાત દિવસ છાવણી બહાર રખાઈ (ગણના ૧૨:૮, ૧૪)

૮. યફૂન્નેનો દીકરો કાલેબ અને નૂનનો દીકરો યહોશુઆ (ગણના ૧૪:30-3૮, 3૨:૧૨-13)

૯. બલામની ગધેડી (ગણના ૨૨:30)

૧૦. (૧)મહલાદ (૨) તિર્સાદ (3) હોગ્લાહ (૪) મિલ્કાહ (૫) નોઆહા ગણના ૩૬:૧૧

**ભાગ ૨**

૧. ૧૮વરસથી (લુક ૧3:૧૧)　　2. ૧૨ વરસની ઉંમરે (લુક ૨:૪૨)　　3. ૮૪ વરસથી (લુક ૨:3૬)

૪. આઠમે દિવસે (ઉત્પતિ ૧૭:૧૨)　　5. ત્રણ વરસ ( લુક ૧૩:૭)

૬. બીજા સિત્તેર (કોઈ ભાષાંતરમાં ૭૨; લુક ૧૦:૧)

૭. સો ઘેટાંમાનું એક; દસ સિક્કાઓમાં એક; બે પુત્રોમાંનો એક. (લુક ૧૫:૪, ૮. ૧૧)

૮. પાંચ (લુક ૧૨:૬)　　૯. અઢાર (લુક ૧3:૪)　　૧૦. છ મહિના (લુક ૧:3૬)

## ખરા જવાબ મોકલનારની નામાવલી:

૧. શાંતાબેન રાઠોડ નોર્થ બર્ગન, ન્યુ જર્સી　　૨. વસુમતી એ. કુંજરાવીઆ , પૂગીપ્સ્કી, ન્યુ યોર્ક

3. કમલભાઈ રાઠોડ ,સ્ટેટન આઈલેન્ડ　　૪. સ્ટેલાબહેન પરમાર , જર્સી સીટી, ન્યુ જર્સી

૫. લીલીયનબહેન જેમ્સ જોન, નોર્થ બર્ગન, ન્યુ જર્સી　　૬. રોઝમેરીબહેન હેમંત રાજુ, એડીસન, ન્યુ જર્સી

૭. તરૂ બહેન દાસ, નોર્થ બર્ગન , ન્યુ જર્સી　　૮. પરલિંનબહેન કુમાર, બ્રુકલીન, ન્યુ યોર્ક

૯. ભાનુમતીબહેન સી. ક્રિસ્ટી, કેલિફોર્નિયા　　૧૦. રબેકાબહેન ડાયલ, બ્રુકલીન, ન્યુ યોર્ક

11. સુસ્મિતાબહેન રાઠોડ બ્રુકલીન, ન્યુ યોર્ક　　પ્રશ્નોના જવાબો Joycey & Jovet Christian, 500 central Ave, Apt# 510, Union City, N.J 07087 પર મોકલશો. તેમનો ફોન નંબર (201) 864-4816

## સૂક્ષ્મ (નહીં જેવી) ભૂલનું પરિણામ

આપણો દેવ કોપ કરવામાં ધીમો તથા દયા કરવામાં હમેશા તત્પર હોય છે છતાં ઘણી વખત નહીં જેવી ભૂલનું ભંયકર પરિણામ ભોગવવું પડે છે, શેતાને (સર્પ) કપટ દ્વારા હવાને ભુલાવી અને તેણીએ દેવની આજ્ઞા ભંગ કરી ફળ ખાધું તથા આદમને પણ ખવડાવ્યું. ફળ સ્વરૂપે તેઓને દેવે એદન વાડીમાંથી કાઢી મુક્યા, આપણા પૂર્વજોની હઠીલાઈ તથા આડોડાઈને કારણે દેવની આજ્ઞા વારંવાર તોડવાથી તેઓની આયુષ્ય મર્યાદા ૯૦૦ વર્ષમાંથી ઘટાડીને ૧૨૦ વર્ષ કરી નાખ્યા. આદિ પિતા ઇબ્રાહિમને દેવે વચન આપ્યું હતું કે, "હું તારા દ્વારા પૃથ્વી પર આકાશના તારા જેટલા વંશજો ઉત્પન્ન કરીશ", છતાં સારાનું માની હાગાર દાસી દ્વારા ઇસ્માઇલને ઉત્પન્ન કર્યો. જે સમગ્ર સૃષ્ટિને અડચણરૂપ થયો. સામસૂને દેવના વચનની અવગણના કરી દલાઈલાને પોતાનું બળ શામાં છે તે જણાવ્યું, જેથી તેનું નાઝારીપણું નષ્ટ થયું અને મૃત્યુને વશ થયો. આ ઉપરોક્ત આખાન, નામાન, લોતની પત્ની, હારુન પુત્રો (નાદાબ-અબીહૂ) કોરાહ, દાથાન તથા અબીરામ અને આવા તો ઘણા બીજા ઉદાહરણો છે. માટે જો આપણાથી ભૂલ થાય તો તરતજ પાપકબૂલાત કરી દાઉદ રાજાની જેમ બચી જવું તેથી ઉલટું જો પાપમાં જ રચ્યાપચ્યા રહીશું તો "પાપનો મુસારો(વેતન)મરણ છે" તે નક્કી જાણવું.

એરિક વ્યાસ લોન્ગ આઇલેન્ડ, ન્યુયોર્ક

**વાચકમિત્રોને ન્યુઝ પરીવાર તરફથી નાતાલ તથા નવા વરસની પ્રેમી સલામ.**

American Christian News
Community Paper Soliciting Your Co-operation
I.D. #11-2917985 August 28, 1988
Gujarati Christian Church
17 Dart Mouth Ave., Avenel, N.J. 07001-1804
**Phone # (732) 750-4064 – (R. Christian)**

To,

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------